# દૈનિક પત્ર છપાયેલ સમાચાર આધારે ફરીયાદીનો સંપર્ક કરી કોવીડ-૧૯ હોસ્પીટલમાં ચોરી કરતી મહીલાને પકડી પાડતી ખટોદરા પોલીસ.

ગુજરાત મિત્ર દૈનિક પત્રમા સમાચાર પ્રસિધ્ધ થયેલ કે “કોરોનામા મહીલાનુ મોત થયુ અને શરીર પરથી મરણ જનારના ઘરેણા ચોરાય ગયા“ સદર સમાચાર બાબતે ફરીયાદી ફરીયાદ કરવા આવેલ ન હોય જેથી ફરીયાદીને શોધી ફરીયાદ નોંધી સદર ગુના શોધી કાઢવા ઉપરી અધિકારીશ્રીના મળેલ માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો સાથે અ.પો.કો. રઘુવીરસિંહ મહિપતસિંહ બ.નં.૨૯૯૯ તથા અ.પો.કો. રાહુલ સંજયભાઇ બ.નં. ૨૦૨૪ તથા વુ.અ.પો.કો.કીંજલબેન ગાંડાભાઇ બ.નં.૨૫૧૯ નાઓ દ્રારા સદર ફરીયાદીનો સંપર્ક કરી સાથે રાખી નવી સીવીલ હોસ્પીટલની કોવીડ-૧૯ હોસ્પીટલમા સીસીટીવી કેમેરા આધારે હોસ્પીટલમા સાફ સફાઇ કરતી આરોપી મહીલા નામે યાશ્મીન D/O લતીફ ખાન ઉ.વ ૨૨ રહે. ૯૩૫, ગલી નં.૧૭, ખ્વાજાનગર માનદરવાજા સુરતનાને પકડી પાડેલ જેની પાસેથી સદર ગુનાના કામે ચોરીમા ગયેલ સોનાની બુટ્ટી તથા સોનાની ચુક જેની કીંમત રૂપીયા ૩૦,૦૦૦/-ની મતાની સાથે પકડી પાડી ખટોદરા પો.સ્ટે.પાર્ટ એ-૧૧૨૧૦૦૨૩૨૧૦૯૭૮/૨૦૨૧ ઇ.પી.કો.કલમ.૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે,

નવી સીવીલ હોસ્પીટલની કીડની હોસ્પીટલમા કોવીડ-૧૯ પેશન્ટોના મોબાઇલ ચોરી કરતા હોસ્પીટલના સર્વન્ટને પકડી પાડતી ખટોદરા પોલીસ.

સુરત શહેર ખટોદરા પો.સ્ટે. વિસ્તારમાં બનતા ગુનાઓ અટકાવવા તથા અગાઉ નોધાયેલ વણશોધાયેલ ગુના શોધી કાઢવા સર્વેલન્સના પો.સ.ઇ. એ.કે. કુવાડીયા નાઓ સાથેના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગ કરતા હતા તે દરમ્યાન તથા અ.પો.કો. રાહુલ સંજયભાઇ બ.નં. ૨૦૨૪ તથા વુ.અ.પો.કો. કીંજલબેન ગાંડાભાઇ બ.નં. ૨૫૧૯ નાઓ બાતમી આધારે આરોપી તેજસ ઉર્ફે તેજુ રાજેન્દ્રભાઇ રાઠોડ ઉ.વ.૧૯ ધંધો-નોકરી રહે.૧૯૨, રવિનગર, કૈલાસનગર ચોકડી પાસે, પાડેસરા, સુરતનાને પકડી પાડી તેમણે પોતાના ઘરે સંતાડેલ ૦૫ નંગ મોબાઇલો કુલ્લે કીંમત રૂપીયા ૨૧,૫૦૦/-ના મતાના કબ્જે કરવામાં આવેલ છે. સદર આરોપી નવી સીવીલ હોસ્પીટલના કીડની હોસ્પીટલ બીલ્ડીંગ જ્યાં હાલ કોવીડ-૧૯ પોઝીટીવ દર્દીઓને દાખલ કરવામા આવે છે જે પેશન્ટોની નજર ચુકવી આ પાંચ મોબાઇલો ચોરી કરેલ હતા.

શોધી કાઢેલ ગુનો:- (૧) ખટોદરા પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૨૩૨૧૧૦૧૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ.૩૭૯ મુજબ